# કચ્છ જિલ્લામાં વિદ્યાસહાયકની સ્પેશીયલ ભરતી (ધોરણ ૬ થી ૮ ગુજરાતી માધ્યમ) વર્ષ ૨૦૨૫ ના ઉમેદવારો માટે અગત્યની સુચના

- વિદ્યાસહાયક ભરતી (ધોરણ ૬ થી ૮ ગુજરાતી માધ્યમ) વર્ષ ૨૦૨૪ ની ભરતી અન્વયે સામાજિક વિજ્ઞાન વિષયની જિલ્લા પસંદગીની કાર્યવાહી તા.૨૨/૦૯/૨૦૨૫ના રોજ શરૂ થનાર છે. આ ભરતી સંદર્ભે કેટલાક ઉમેદવારો દ્વારા જિલ્લા પસંદગીની પ્રક્રિયા શરૂ થયા પૂર્વે કચ્છ જિલ્લામાં વિદ્યાસહાયકની સ્પેશીયલ ભરતી (ધોરણ ૬ થી ૮ ગુજરાતી માધ્યમ) વર્ષ ૨૦૨૫ની કામચલાઉ મેરીટયાદી પ્રસિધ્ધ કરવા રજુઆતો કરવામાં આવેલ છે.
- ઉક્ત રજુઆતોને ધ્યાને લઈ હાલ પુરતી ઉમેદવારોએ ઓનલાઈન ફોર્મમાં દર્શાવેલ વિગતો આધારે **તા.૨૦/૦૯/૨૦૨૫ના રોજ સાંજે ૬:૦૦ કલાક પછી સામાજિક વિજ્ઞાન વિષયની કામચલાઉ મેરીટયાદી (PML-1)** પ્રસિધ્ધ કરવામાં આવનાર છે. જે અરજીપત્રો ચકાસણી થયા પૂર્વેની હોઈ હાલ પુરતી વાંધા અરજી સ્વીકારવામાં આવશે નહી. જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી.
- ઉક્ત પ્રક્રિયાને અંતે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા ઉમેદવારો દ્વારા ઓનલાઈન ભરેલ અરજીપત્રોની ચકાસણી કરી સુધારા-વધારા સાથે પુન: કામચલાઉ મેરીટયાદી (PML-2) પ્રસિધ્ધ કરવામાં આવશે અને તે સમયે ઉમેદવારો પાસેથી કામચલાઉ મેરીટયાદી સંદર્ભે વાંધા અરજી સ્વીકારવામાં આવશે.
- વધુમાં, ભાષાઓ (ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃત) અને ગણિત વિજ્ઞાન વિષય અંગેની કામચલાઉ મેરીટયાદી હવે પછી તબક્કાવાર જાહેર કરવામાં આવશે.

**તા.૨૦/૦૯/૨૦૨૫** **ગુ.રા.પ્રા.શિ.પ.સમિતિ, ગાંધીનગર**

**સ્થળ:– ગાંધીનગર**

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ, ગાંધીનગર